Extra No. 200

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, AUGUST 11, 2026 / SRAVANA 20, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા માર્ગ અને મકાન વિભાગના તારીખ: ૨૯મી જુલાઈ, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંકઃ જીજે-૨૦૨૬નો ૧૪/આરબીડી/આરઈઆર/ઈ-ફાઈલ/૧૬/૨૦૨૩/૩૨૫૦/સેક્શન ઈ૨.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

The Technical Officer, Class II, in the General State Service,
under the Directorate of Parks and Gardens, Recruitment Rules, 2026.

ઉપવન અને બગીચા નિયામકની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, તકનિકી અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી જાહેરનામું

માર્ગ અને મકાન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઇ, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજે-૨૦૨૬નો ૧૪/આરબીડી/આરઈઆર/ઈ-ફાઈલ/૧૬/૨૦૨૩/૩૨૫૦/સેકશન ઈ૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઉપવન અને બગીચા નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, તકનિકી અધિકારી, વર્ગ-૨ ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ઉપવન અને બગીચા નિયામકની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, તકનિકી અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ઉપવન અને બગીચા નિયામકની કચેરી હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, તકનિકી અધિકારી, વર્ગ-૨ ની જગા ઉપરની નિમણૂક, જેણે-

(ક) (૧) ઉપવન અને બગીચા નિયામક, ગુજરાત રાજ્યની કચેરીની તાબાની સેવામાં, એગ્રિકલ્ચર ઓવરસિયર (કૃષિ સર્વેક્ષક), વર્ગ-૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય,

- તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતીથી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, "સારા"-નો આધારચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય કૃષિ યુનિવર્સિટી અધિનિયમ અથવા રાજ્ય કૃષિ યુનિવર્સિટી અધિનિયમથી અથવા તે હેઠળ સંસ્થાપિત અથવા સ્થપાયેલી કૃષિ/બાગાયત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટીમાંથી મેળવેલી વિજ્ઞાન (બાગાયત)માં સ્નાતકની પદવી અથવા કૃષિ (બાગાયત)માં અનુ-સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારને બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરાં પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હિતેશ ગોહિલ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.08.31 10:14:01 IST